પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૩૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૧-૦૬-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com


પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નરેન્દ્ર મોદીએ શિમલા ખાતે ગરીબ કલ્યાણ સંમેલનમાં ભાગ લીધો, પીએમ મોદીએ કિસાન સન્માન નિધિનો ૧૧મો હપ્તો પણ રિલીઝ કર્યો

## અમે વોટબેંક બનાવવા માટે નહીં, નવું ભારત બનાવવા માટે કામ કરીએ છીએ : વડાપ્રધાન મોદી

શિમલા,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હિમાચલ પ્રદેશના શિમલા ખાતે ગરીબ કલ્યાણ સંમેલનમાં ભાગ લીધો. આ દરમિયાન તેમણે ગરીબ કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો. પીએમ મોદીએ કિસાન સન્માન નિધિનો ૧૧મો હપ્તો પણ રિલીઝ કર્યો. લાભાર્થીને કરેલા સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે હમણા દેશના કરોડો ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિના પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા. પૈસા તેમને મળી પણ ગયા. શિમલાની ધરતીથી દેશના ૧૦ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં પૈસા પહોંચાડવાનું



સૌભાગ્ય મળ્યું છે.

સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે આજે તેમના જીવનનો એક વિશેષ દિવસ છે અને આ દિવસે તેમને દેવભૂમિને પ્રણામ કરવાની તક મળે તેનાથી મોટું સૌભાગ્ય શું હોઈ શકે. તેમણે કહ્યું કે કોરોનાકાળમાં જે બાળકોએ પોતાના માતા પિતા ગુમાવ્યા તેવા બાળકોની જવાબદારી સંભાળવાની મને તક મળી છે. આવા હજારો બાળકોની દેખભાળનો નિર્ણય અમારી સરકારે લીધો. ગઈ કાલે મે તેમને કેટલાક પૈસા પણ ચેકના માધ્યમથી મોકલાવ્યા.

પીએમ મોદીએ કહ્યું કે ૧૩૦ કરોડ ભારતીયોના સેવક તરીકે કામ કરવાની તમે મને તક આપી, મને સૌભાગ્ય મળ્યું. આજે હું કઈ કરી શકું છું, દિવસ રાત દોડુ છું તો તે ન વિચારો કે આ મોદી કરે છે પણ એમ વિચાર ન કરો કે મોદી દોડે છે. આ બધુ તો દેશવાસીઓની કૃપાથી થાય છે. એક પરિવારના સભ્યના નાતે, પરિવારની આશા-આકાંક્ષાઓ સાથે જોડાવવું, ૧૩૦ કરોડ દશવાસીઓના પરિવાર એ બધુ જ મારા જીવનમાં છે. મારા જીવનમાં તમે બધા જ છો અને આ જિંદગી તમારા માટે જ છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ પહેલાની સરકારે ભ્રષ્ટાચારને સિસ્ટમનો જરૂરી ભાગ માની લીધો હતો. ત્યારની સરકાર ભ્રષ્ટાચાર સામે લડવાની જગ્યાએ તેની આગળ ઘૂંટણિયા ટેકી ચૂકી હતી. ત્યારે દેશ જોઈ રહ્યો હતો કે યોજનાઓના પૈસા જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચે તે પહેલા જ લૂંટાઈ જાય છે. પરંતુ આજે ધન ધન ખાતા દ્વારા મળતા ફાયદાઓ અંગે ચર્ચા થાય છે. જન ધન- આધાર અને મોબાઈલથી બનેલી ત્રિશક્તિની ચર્ચા થાય છે. પહેલા રસોડામાં ધૂમાડો સહન કરવાની મજબૂરી હતી પરંતુ આજે ઉજ્જવલા યોજનાથી સિલિન્ડર મેળવવાની સગવડ છે.

ભ્રષ્ટાચાર પર વધુ બોલતા પીએમએ કહ્યું કે પીએમ આવાસ યોજના હોય, સ્કોલરશીપ આપવાની હોય કે પેન્શન યોજનાઓ હોય, ટેક્નોલોજીની મદદથી અમે ભ્રષ્ટાચારના સ્કોપને ઓછામાં ઓછો કરી દીધો છે. જે સમસ્યાઓને પહેલા પરમેનન્ટ ગણી લેવામાં આવી હતી તેના પરમેનન્ટ સોલ્યુશન આપવા માટેના અમે પ્રયત્નો કરીએ છીએ.

પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે ૨૦૧૪ પહેલા દેશની સુરક્ષા અંગે ચિંતા હતી, આજે સર્જિકલ સ્ટ્રાઈક-એર સ્ટ્રાઈકનું ગૌરવ છે. આજે આપણી સરહદો પહેલા કરતા વધુ સુરક્ષિત છે. અમારી સરકારે ચાર દાયકાના ઈન્તેજાર બાદ વન રેંક વન પેન્શન લાગૂ કર્યું. આપણા પૂર્વ સૈનિકોને એરિયરના પૈસા આપી દીધા. જેનો મોટો લાભ હિમાચલના દરેક પરિવારને થયો છે.

પીએમએ કહ્યું કે આપણા દેશમાં દાયકાઓ સુધી વોટબેંકની રાજનીતિ થઈ છે. પોત પોતાની વોટબેંક બનાવવાના રાજકારણે દેશને ખુબ નુકસાન કર્યું છે. અમે વોટબેંક બનાવવા માટે નહીં પરંતુ નવું ભારત બનાવવા માટે કામ કરી રહ્યા છીએ. ૨૦૧૪ પહેલા જ્યારે હું તમારી વચ્ચે આવતો હતો ત્યારે કહેતો હતો કે ભારત દુનિયા સામે આંખ ઝૂકાવીને નહીં આંખ મિલાવીને વાત કરશે. આજે ભારત મજબૂરીમાં મિત્રતાનો હાથ આગળ નથી વધારતો, પણ મદદ માટે હાથ આગળ વધારે છે.

સંબોધનમાં તેમણે કહ્યું કે ૨૧મી સદીના બુલંદ ભારત માટે આવનારી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કામ કરવાનું છે. એક એવું ભારત જેની ઓળખ અભાવ નહીં પરંતુ આધુનિકતા હોય. ભારતવાસીઓના સામર્થ્ય આગળ કોઈ પણ લક્ષ્ય અસંભવ નથી. આજે ભારત દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થાઓમાંથી એક છે. ભારતમાં રેકોર્ડ વિદેશી રોકાણ થઈ રહ્યું છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે રાજ્યની મદદ માટે પ્રધાનમંત્રીનો આભાર માન્યો છે. તેમણે હિમાચલને ૩ મેડિકલ કોલેજ અને એઈમ્સની ભેટ આપવા માટે પ્રધાનમંત્રી મોદીનો આભાર માન્યો હતો. આ પહેલા પીએમ મોદીએ શિમલાના રિજ મેદાનના રસ્તામાં તેમના સ્વાગતમાં ઉભેલા લોકોનું ગાડીથી ઉતરીને અભિવાદન કર્યું હતું. લોકોએ પીએમના કાફલા પર ફૂલો વરસાવ્યા હતા.

## હાર્દિક પટેલ ૨ જૂને સી.આર. પાટીલની હાજરીમાં કેસરિયો ખેસ ધારણ કરશે

ગાંધીનગર,

હાર્દિક પટેલ આખરે ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે તે સ્પષ્ટ થઈ ગયું છે. આગામી બીજી જૂનના રોજ હાર્દિક પટેલ બીજેપીના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે બીજેપી પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની હાજરીમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે. વિવિધ રિપોર્ટ્સ પ્રમાણે હાર્દિકના બીજેપી પ્રવેશ વખતે કોઈ કેન્દ્રીય મંત્રી હાજર રહે તેવી શક્યતા નહિવત છે. જો કે સી.આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કમલમ ખાતે હાજર રહેશે. ઉલ્લેખનીય છે કે હાર્દિકને બીજેપીમાં જોડવા માટે બીજેપીના હાઈ



કમાન્ડે પહેલા જ લીલીઝંડી આપી દીધી હતી. હવે હાર્દિક બીજી જૂને પાર્ટીમાં જોડાશે તે વાત સામે આવી છે.

હાર્દિક પટેલના બીજેપીમાં જોડાવવા મામલે એસપીજીના લાલજી પટેલે નિવેદન આપ્યું છે કે, હાર્દિક પટેલે વ્યક્તિગત સ્વાર્થ માટે સમાજનો ઉપયોગ કર્યો છે. હાર્દિક પટેલ કૉંગ્રેસમાં જોડાયો ત્યારે પણ લોકોમાં રોષ હતો. બીજેપીમાં જોડાશે ત્યારે પણ રોષ જોવા મળશે. હાર્દિકે ભૂતકાળમાં મંચ પરથી એવા નિવેદનો કર્યાં છે કે તે કોઈ રાજકીય પાર્ટીમાં જોડાવાનો નથી. હજુ પાટીદાર સમાજના બે મુદ્દા પડતર છે. ૧૪ શહીદ યુવાનોને ન્યાય નથી મળ્યો. આમ છતાં હાર્દિક વ્યક્તિગત સ્વાર્થ માટે ભાજપમાં જોડાઈ રહ્યો છે."

હાર્દિક પટેલે ૧૭મી મેના રોજ કૉંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામું ધરી દીધું હતું. હાર્દિકે રાજીનામું ધરતાની સાથે સોશિયલ મીડિયા પર એક પત્ર લખીને કૉંગ્રેસના નેતૃત્વ વિરુદ્ધ ગંભીર આક્ષેપ કર્યાં હતા. હાર્દિક પટેલે પોતાના રાજીનામા પત્રમાં લખ્યું હતું કે, કૉંગ્રેસના શીર્ષ નેતૃત્વને ગુજરાત અને ગુજરાતીઓ પ્રત્યે નફરત છે. સાથે જ હાર્દિક પટેલે ગુજરાત કૉંગ્રેસના મોટા નેતાઓને પણ આડેહાથ લીધા હતા. હાર્દિકે પત્રમાં એવો આક્ષેપ કર્યો હતો કે ગુજરાત કૉંગ્રેસના મોટા નેતાઓ પોતાના સ્વાર્થ માટે વેચાયા છે. એક પ્રસંગે હાર્દિકે એવું પણ લખ્યું હતું કે પ્રદેશ નેતાઓને લોકોના પ્રશ્નો કે ગુજરાતની કોઈ ચિંતા નથી પરંતુ દિલ્હીથી આવતા લોકને ચિકન સેન્ડવિચ મળી કે નહીં તે જોવામાં તેઓ વ્યસ્ત રહે છે.

## ભારતમાં ભીષણ ગરમી અને લૂ વચ્ચે અનેક રાજ્યોમાં જળસંકટે મોઢુ ફાડ્યું છે

નવીદિલ્હી,

ભારતમાં ભીષણ ગરમી અને લૂ વચ્ચે અનેક રાજ્યોમાં જળસંકટે મોઢુ ફાડ્યું છે. માત્ર ભારત જ નહીં વિશ્વના અનેક દેશોમાં પાણીની કટોકટી ઉદ્દભવવાનું શરુ થયું છે અને ૨૦૩૦ સુધીમાં દુનિયાના ૭૦ કરોડ લોકોને પાણી માટે હીજરત કરીને અન્ય ભાગોમાં સ્થળાંતર કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાવાનું રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

પાટનગર દિલ્હીથી માંડીને આર્થિક રાજધાની મુંબઈ અને સરહદી રાજ્ય જમ્મુ-કાશ્મીરના લોકો જળસંકટનો સામનો કરી રહ્યા છે. આવી જ હાલત દુનિયામાં છે અને અનેક દેશોની સરકાર પાણીની મુશ્કેલી રોકવા અનેકવિધ વિકલ્પો તૈયાર કરી રહી છે. મહારાષ્ટ્રમાં ચોમાસા પૂર્વે પાણીની હાલત વિકટ બનવા લાગી છે. મુંબઈમાં પર્યાપ્ત માત્રામાં લોકોને પાણી મળતુ નથી. નાસિકના અનેક ગામડાઓમાં જળસંકટનો ૫૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. મિરઝાપુર પંથકમાં ત્રણ દિવસે લોકોને માથાદીઠ માત્ર ૧૫ લીટર પાણી મળી રહ્યું છે. નાસિકમાં તો પાણીની કટોકટીને ધ્યાનમાં રાખીને લોકો ઘરનો પ્રસંગથી માંડીને અનેક પ્રસંગો પણ સ્થગિત કરવા લાગ્યા છે.

જમ્મુ-કાશ્મીરમાં પણ હાલત ખરાબ છે. શ્રીનગરમાં પાણી માટે લોકોને કલાકો સુધી લાઈનમાં ઉભું રહેવાનો વખત આવ્યો છે અને જીવન વ્યવહાર પર પણ ગંભીર અસર થઈ છે.અનેક ક્ષેત્રોમાં બે-બે દિવસે એક વખત પાણી મળી રહ્યું છે. રાજસ્થાનના પાલી જિલ્લામાં પાણીના સ્ત્રોત સંપૂર્ણ ખત્મ થઈ જતાં રાજ્ય સરકાર દ્વારા ટ્રેન માર્ગે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. બાડમેર અને જેસલમેરમાં પણ પાણી મેળવવા માટે લોકોને અનેક કિલોમીટર સુધી ભટકવું પડી રહ્યું છે. પાટનગર દિલ્હીમાં યમુનાની સપાટી નીચે સરકાવાને કારણે જળસંકટ ઉભુ થયું છે. કોર્પોરેશન દ્વારા ૧૨૫ એમએલડી પાણીની સપ્લાય કરવામાં આવે છે.

છેલ્લા ૧૦ દિવસથી તે ઘટીને ૬૦ થી ૭૦ એમએલડી થઈ ગઈ છે. સમગ્ર ભારતના ચિત્ર પર નજર નાખવામાં આવે તો ૬ ટકા વસ્તીને પીવાનું શુધ્ધ પાણી મળતું નથી. દુનિયાનાં કુલ ભુગર્ભ જળમાં ૨૫ ટકા માત્ર ભારતમાં જ છે. પાણી મેળવવા માટે ભટકતી મહિલાઓને સરેરાશ ૨.૬૬ કરોડ કલાક તેમાં ગાળવા પડે છે. દુનિયાની હાલત ચકાસવામાં આવે તો ૪૦૦ કરોડ લોકોને વર્ષમાં ૧ મહિનો જળસંકટનો સામનો કરવો પડી રહ્યો છે. તેમાંથી ૨૦૦ કરોડ લોકો એવા દેશોમાં વસવાટ કરે છે કે જ્યાં પાણીની સપ્લાય યોગ્ય રીતે થતી નથી. આ સ્થિતિમાં ૨૦૩૦ સુધીમાં ૭૦ કરોડ લોકોને હીજરત કરવાની નોબત આવશે.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

### લુણાવાડા તાલુકાના પટેલીયા જાતિના લોકોને

# અનુસૂચિત જનજાતિના દાખલો નહિ આપતા જીલ્લા કલેકટર કચેરી ખાતે વિરોધ અને આત્મવિલોપનની ચિમકીને લઈ ૭ યુવાનો સહિત ૮ આગેવાનોની અટકાયત



લુણાવાડા,

લુણાવાડા તાલુકાના પટેલીયા સમાજના લોકોને સને ૧૯૬૦ થી સને ૨૦૧૪ સુધી અનુ.જન.જાતીના પ્રમાણપત્રો આપેલા છે અને મળતા હતા. પરંતુ સ્થાનિક અધિકારીઓની મન માનીના કારણે સરકારની ગાઈડ લાઈન પ્રમાણેના તમામ પુરાવાઓ (ચેક લીસ્ટ) પ્રમાણે હોવા છતા લુણાવાડા તાલુકાના સ્થાનિક અધિકારીઓ પ્રમાણપત્રો આપવામાં બહાના બતાવીને અરજદારોને ગેરમાર્ગે દોરે છે અને અરજદારોને ધમકાવે છે.અહીના પટેલીયા જાતિના લોકો આદિજાતિમાં આવતા નથી તેવુ કહે છે. વચપત્રક પ્રમાણેના સને.૧૯૨૦ થી ૧૯૩૦ સુધીના પુરાવાઓ રજુ કરવા છતા પણ કોઇને કોઇ વાંધા કાઢી અને અરજદારોને હેરાન-પરેશાન કરે છે. અમુક અરજદારોના આધાર પુરાવા ચકાસી દાખલા માટે એ.ટી.વી.ટી પણ કરેલ હોય પરંતુ તેવોની મનમાની થી પ્રમાણપત્રો ઈસ્યુ કરેલ નથી અને દાખલા આપવા માટે કમિશ્નર, ગાંધીનગરનું લખાણ હોવા છતા સ્થાનીક અધિકારીઓ ગલ્લા તલ્લા કરે છે અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્થાનિક કચેરીઓમાં રોજના ધરમ ધક્કા ખાઈ સમય અને નાણાંનો વ્યય કરે છે અને કેટલાક બાળકો જાતિના દાખલા ન મળવાથી અધવચ્ચે અભ્યાસ પણ છોડી દે છે. રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છેવાડાના માનવીની ચિંતા કરે છે. સરકારના મંત્રી તથા ઉચ્ચ અધિકારીઓ મારફતે જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ સરકારના નિયત નમુનામાં છાપેલ ચેકલિસ્ટ પ્રમાણેના પુરાવાઓ ચકાસી અમલવારી કરવા જણાવ્યા હોવા છતા સ્થાનિક અધિકારીઓ દાખલા આપવાનું હકારાત્મક નિર્ણય લેતા નથી. તેમજ તારીખ ૧૫/૦૩/૨૦૨૨ ને મંગળવારના રોજ સ્વર્ણિમ સંકુલ-૨ માંજ લગભગ બપોરે ૧:૦૦ વાગ્યાના સમયે વિડિયો કોન્ફરન્સ આદિજાતિ મંત્રી, આદિજાતિ કમિશ્નર જિલ્લાના પ્રભારી, લુણાવાડાના ધારાસભ્ય મહિસાગર જિલ્લાના અધિકારીઓ અને પટેલીયા સમાજના અગ્રણીઓની હાજરીમાં યોજવામાં આવી. તેમાં પટેલીયા જાતિના પ્રમાણપત્રો બાબતે તમામ પ્રકારની ચર્ચા કરવામાં આવી અને પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી ચકાસણી આદિજાતિ મંત્રી, આદિજાતિ કમિશ્નરથી, જિલ્લાના પ્રભારી એ કરી હતી. આ અરજીમાં જિલ્લાના વહીવટી અધિકારીઓને કોઈ પ્રશ્ન ઉદભવતો હોય તો તાત્કાલિક જણાવવા જણાવ્યુ હતું. તેના પ્રત્યુતરમાં કોઈ અધિકારીએ પ્રશ્ન ઉપસ્થિત કરેલ ન હતો માટે દાખલા આપવા બાબતે સકારાત્મક જવાબ મળતા વિડિયો કોન્ફરન્સ પૂર્ણ કરવામાં આવી. છતાં સ્થાનિક અધિકારીઓ દાખલા આપવાનું હકારાત્મક નિર્ણય લેતા નથી. આ બાબતે અધિકારીઓ સ્થાનિક નેતાઓની રજુઆતને પણ ધ્યાન પર લેતા નથી. સને.૨૦૧૭ અને ૨૦૧૮ માં પટેલીયા સમાજના અગ્રણી પટેલીયા ફુદાભાઈ દેવાભાઈ જોગ બે લખાણ કમિશ્નરએ લખેલ છે. ત્યાર પછી સને ૨૦૨૧માં લુણાવાડાના ધારસભ્ય જીગ્નેશભાઈ સેવકના નામ જોગ લખાણ આપેલ છે. જે આ આવેદનપત્ર સાથે સામેલ છે. જેથી હવે અમો હતાશ થઇ ગાંધી ચીંધીયા માર્ગે સ્થાનીક અધિકારીઓ સામે હડતાળ કરવા પડે તેમ છે. તો આ બાબતે તા.૧૭/૦૫/૨૦૨૨ ના દિન સુધીમાં ન્યાય નહીં મળે તો અમો ૬૨ ગામના પટેલીયા સમાજના બાળકો, મહિલાઓ અને પુરૂષો, વડિલો તા.૨૦/૦૫/૨૦૨૨ ને શુક્રવારના રોજ સ ૧૧:૦૦ કલાકથી ધરણાં, ભુખ હડતાલ અને આત્મવિલોપન જેવા કાર્યક્રમો જીલ્લા કલેક્ટર કચેરી ખાતે કરવાની ચિમકી ઉચ્ચારી હતી. તેને મુલત્વી રાખી આજરોજ પટેલીયા સમાજના બે યુવાનો દ્વારા જાતિના પ્રમાણપત્રો નહીં મળતા આત્મવિલોપનની ચિમકીને લઈ સાત યુવાનો તેમજ સમાજના ૮ આગેવાનોની અટકાયત કરાઈ.

# સંતરામપુરના ગોધર ગામેથી બોગસ તબીબને SOG પોલીસે ઝડપ્યો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ગોધર ગામે મહીસાગર એસ.ઓ.જી.એ બોગસ તબીબને ઝડપી પાડયો. સંતરામપુર તાલુકાના ગોધર ગામે એક રહેણાંક મકાનની અંદર અલગ અલગ પ્રકારની બીમારીની દવા કરવા માટે દવાખાનું ખોલવામાં આવેલ હતું. આ અંગેની મહીસાગર એસ.ઓ.જી.ને માહિતી મળતા જ સ્થળ ઘટના સ્થળ ઉપર પહોંચીને વગર ડિગ્રીનો અને બોગસ તબીબને પેશન્ટ સારવાર કરતી વખતે ઝડપી પાડવામાં આવેલો હતો. ઘણા સમયથી અલગ-અલગ બીમારીઓની પેશન્ટો સાથે સારવાર કરતો હતો અને આરોગ્ય સાથે ચેડા કરી જાનનું જોખમ પણ ઊભો કરતો હતો. આવી રીતે બોગસ ડોક્ટર રૂપિયા કમાવા માટે લોકોને દવા કરી આપતો હતો. ગોધર ગામના એક ભૂરાની અંદર બીમાર લોકોને તપાસીને એલોપેથિક દવા તથા ઈન્જેક્શન આપીને બિમાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો હતો. બેદરકારી ભર્યું કૃત્ય કરી તેમજ મેડીકલ પ્રેક્ટિસ કરી દવા તથા સાધનોથી બીમાર વ્યક્તિઓને પોતે ડોક્ટર નહીં હોવા છતાં તપાસ છેતરપિંડી કરી દવા ગોળી આપતો હતો. મહીસાગર એસ.ઓ.જી. અને મેડિકલ ઓફિસર કચેરીના તમામ ટીમને ઘટના સ્થળે પહોંચીને બોગસ તબીબને ઝડપી પાડવામાં આવેલો હતો. આશરે ૫૦,૦૦૦/- જેટલો મુદ્દામાલ સાથે દવાનો જથ્થો ઝડપાયો હતો. સંતરામપુર પોલીસે અને મહિસાગર એસ.ઓ.જી વિક્રમસિંહ બળવંત સિંહ વાઘેલા પર ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી હતી. વધુ આગળ તપાસ હાથ ધરાઈ હતી પરંતુ સંતરામપુર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારની અંદર આદિવાસી પ્રજાને સાથે આરોગ્ય સાથે ચેડાઓ સૌથી વધારે થઈ રહેલા છે. આર્યુવેદિક bh એમ h બે ડિગ્રી ધરાવતા તબીબો ફક્ત આર્યુવેદિક દવા કરી શકાય છે. તેમ છતાં સંતરામપુર નગરમાં અને તાલુકા વિસ્તારમાં ઈન્જેકશન અને બોટલનો ઉપયોગ કરીને આડેધડ દવા કરીને ઉઘાડી લૂંટ ચલાવતા હોય છે. સરકાર નિયમ મુજબ આયુર્વેદિક ડોક્ટરને ઈન્જેકશન અને બોટલ લગાવવાનો કોઈ અધિકાર હોવા નથી થતા ખુલ્લેઆમ સંતરામપુરમાં બોલોને ઈન્જેકશન ચડાવીને પે સેન્ટર અખતરા કરી ઉઘાડી લૂંટ ચલાવતા હોય છે. કેટલાક તબીબો તો piles મસાની દવા કરવાની હોય છે. મસાની દવાની પાછળ અંદર ખાનગી ધોરણે દરેક પ્રકારની બીમારીની દવા કરીને ડોક્ટર પોતાની દુકાન ખોલીને બેસી ગયા છે. આયુર્વેદિક ડોક્ટર ક્લિનિક ખોલીને બેસેલા તે ફક્ત ગોળી આપી શકે અને આર્યુવેદિક દવા કરી શકે તેમ છતાંય બોટલ ઈન્જેક્શન લગાવીને ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. જિલ્લા આરોગ્ય અધિકારી તાલુકા આરોગ્ય અધિકારી તેમને ખ્યાલ હોવા છતાંય કોઈપણ પ્રકારની રેડ કે કાર્યવાહી કરવામાં આવતી જ નથી. સંતરામપુર તાલુકામા ઊંટ વેદો અને લેભાગુ બોગસ ડોક્ટરો ગામડે ગામડે સંખ્યાનું પ્રમાણ વધુ જોવાઈ રહ્યું છે. ખરેખર એવી જિલ્લા આરોગ્યનો અધિકારીનો તપાસનો વિષય બની ગયો છે.






મોટાઘરોળા ગામમાં ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોરના વરદ્દહસ્તે નળ સે જળ યોજના અંતર્ગત પીવાના પાણીની નવની યોજનાનું લોકાપર્ણ કરવામાં આવ્યું અને કડાણા મંડળની કારોબારી બેઠક પણ કરવામાં આવી. જેમાં ૪૦૦ થી વધારે ભાઈ-બહેનોએ ભાગ લીધો. મિટિંગમાં મહીસાગર બીજેપી જિલ્લાના અધ્યક્ષ દશરથજી બારીયા તથા મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન હાજર રહ્યા અને જુદી-જુદી યોજનાઓ વિશે સમજણ આપવામાં આવી.

## આપની આજ.......

મેષ : વ્યવસાયિક દૃષ્ટિથી સમય અનુકૂળ છે. રોકાણને લગતી મહત્ત્વપૂર્ણ યોજનાઓ પણ સફળ થશે. લગ્નજીવન સુખમય રહેશે. દરેક કામને યોજનાબદ્ધ રીતે કરવું તથા એકાગ્રચિત્ત રહેવું તમને સફળતા પ્રદાન કરશે.

વૃષભ : આજે તમે આકરી મહેનત તથા આત્મવિશ્વાસ દ્વારા તમારા કાર્યોમાં ધ્યાન લગાવશો. કારખાના, ફેક્ટ્રી વગેરે લોખંડને લગતા વ્યવસાયમાં લાભદાયક પરિસ્થિતિઓ બનશે તથા સારા ઓર્ડર પણ મળશે.

મિથુન : વ્યવસાયિક કાર્યો માટે ઉધાર કે લોન લેતી સમયે ફરી વિચાર કરો. સર્વાઈકલ તથા ખભાનો દુખાવો પરેશાન કરી શકે છે. તમારા મુશ્કેલ સમયમાં જીવનસાથીનો ભરપૂર સહયોગ મળશે.

કર્ક : બેદરકારી અને મોડું કરવાથી કોઈ મહત્ત્વપૂર્ણ કામ અટકી શકે છે. લગ્નજીવનમાં મધુરતા રહેશે. આ સમયે તમારી વ્યવસાયિક પાર્ટીઓ સાથે સંબંધોને વધારે સારા કરવાની જરૂરિયાત છે. આજનો દિવસ પરિવાર સાથે સારો પસાર થશે.

સિંહ : કોઈપણ જોખમી કાર્યમાં આજે બિલકુલ પણ પોતાનું ધ્યાન ન લગાવો. લોકો સાથે હળવા-મળવામાં વધારે ધ્યાન આપો. સ્વાસ્થ્ય સારું રહેશે. આ સમેય કોઈપણ કાર્યને ઉતાવળની જગ્યાએ ધૈર્ય પૂર્વક કરો.

કન્યા : મુશ્કેલી કે વિઘ્નો સિવાય તમે તમારા બધા કામને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. તમને કોઈ મુશ્કેલ સમયમાં પરિવારના સભ્યોનો પૂર્ણ સહયોગ મળશે. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો. વાહન ચલાવતી સમયે બેદરકારી ન રાખો.

તુલા : કોઈ નજીકના સંબંધી સાથે તમારી જ કોઈ જિદના કારણે સંબંધ ખરાબ થઈ શકે છે. પતિ-પત્ની વચ્ચે ઈગોને લઈને કોઈ વિવાદ થઈ શકે છે. તમે તમારી સમજણ દ્વારા કોઈ મુંઝવણનું સમાધાન મેળવવામાં પણ સક્ષમ રહેશો.

વૃશ્ચિક : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

ધનુ : સહયોગીઓ અને કર્મચારીઓ સાથે સંબંધ ખરાબ થવા દેશો નહીં. માંસપેશીઓમા દુખાવો રહી શકે છે. મિત્રો સાથે વધારે હરવા-ફરવામાં સમય ખરાબ ન કરો. મનમાં ચાલી રહેલી કોઈ દુવિધાનું પણ સમાધાન મળી શકે છે.

મકર : એક વાતનું ધ્યાન રાખવું કે કોઈના ઉપર પણ વધારે વિશ્વાસ કરવો નહીં. વ્યવસાયમાં વધારે મહેનત કરવાની જરૂરિયાત છે. આ સમય કોઈ નવું કામ પ્લાનિંગ સાથે કરવું તથા પોઝિટિવ વિચારો રાખવા. પારિવારિક વાતાવરણ સુખમય જળવાયેલું રહેશે.

કુંભ : પ્રોપર્ટીને લગતા વ્યવસાયમાં કોઈ મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે. આજે દોડભાગ વધારે રહેશે. ભૂતકાળની વાતોને વર્તમાન ઉપર હાવી થવા દેશો નહીં. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે.

મીન : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

તા.૦૧/૦૬/૨૦૨૨
બુધવાર

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ ની સામાન્ય સભા યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળની સામાન્ય સભા મંડળના પ્રમુખ રાજેશકુમાર નાથાલાલ પંચાલના અધ્યક્ષ સ્થાને પંચાલ સમાજની વાડી દાહોદ ખાતે યોજાઈ ગઈ. જેમાં મોટી સંખ્યામાં સામાન્ય સભ્યો, જ્ઞાતિજનો અને આગેવાનો હાજર રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સમાજના સ્વ.આત્માઓના કલ્યાણ માટે બે મિનિટનું મૌન પાળી શ્રધાંજલિ આપવામાં આવી હતી. અખિલ ભારતીય વિશ્વકર્મા વિરાટ સંઘમાં હસમુખભાઈ પી.પંચાલને વરિષ્ઠ મહામંત્રી તરીકેની જવાબદારી મળતા સમાજના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મંડળના મહામંત્રી સુરેશભાઈ પંચાલે કાર્યસૂચી મુજબ મિટિંગની કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં નવીન કારોબારીની વરણી, કારોબારી મુદતમાં ૩ વર્ષ કરવા તથા આગામી સમયમાં મંડળ દ્વારા હાથ ધરાનાર વિવિધ પ્રવુતિઓ અંગે ચર્ચા વિચારણા કરી ઠરાવ કરવામાં આવ્યા હતા. મંડળના ખજાનચી તુલસીરામભાઈ પંચાલ દ્વારા હિસાબોનું વાંચન કરી સભા સમક્ષ મૂક્યા હતા. યુવા સંગઠનના પ્રમુખ દિનેશભાઈ પંચાલ દ્વારા યુવા સંગઠન દ્વારા થયેલ પ્રવુતિની ચર્ચા કરી ખજાનચી જયેશભાઈ પંચાલ દ્વારા હિસાબોનું વાચન કરી સભાને માહિતગાર કર્યા હતા. મહિલા સંગઠનના પ્રમુખ રીનાબેન પંચાલ અને મંત્રી નીલેશ્વરીબેન પંચાલ દ્વારા મહિલા સંગઠન દ્વારા હાથ ધરાયેલ વિવિધ પ્રવુતિઓથી સભાને વાકેફ કર્યા હતા તથા આવનારા સમયમાં મહિલા સશકિતકરણ માટે તમામ મહિલાઓને સહયોગ આપવા અપીલ કરી હતી.

મંડળના મહામંત્રી સુરેશભાઈ પંચાલે મંડળનો પ્રગતિ અહેવાલ સભા સમક્ષ રજૂ કરી સમાજ ઉત્કર્ષની વિવિધ પ્રવુતિઓથીવાકેફ કર્યા હતા. મંડળના આગેવાનો ધીરજલાલ પંચાલ, અશ્વિનભાઈ પંચાલ, આશિષભાઈ પંચાલ, અનિલભાઈ પંચાલ, જયેશભાઈ પંચાલ, હિતેન્દ્રભાઈ પંચાલ, બાબુલાલ પંચાલ હસમુખલાલ તથા અન્ય આગેવાનો દ્વારા પ્રશ્નોતરીકાળ દરમ્યાન સમાજ ઉત્કર્ષ માટે વિવિધ પ્રશ્નોતરી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખ રાજેશકુમાર નાથાલાલ પંચાલ દ્વારા સમાજ ઉત્કર્ષ માટે સૌના સાથ સૌના વિકાસ ની અપીલ કરી હતી. મંડળ દ્વારા થયેલ વિવિધ પ્રવુતિઓનો સંતોષ વ્યક્ત કરી આગામી સમયમાં વિવિધ પ્રવુતિઓ દ્વારા સમાજ પ્રગતિના પંથે આગળ વધે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. સૌના આભારની લાગણી સાથે સામાન્યસભાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું.

# ઝાલોદના બીયામણી ગામે યુવતિને ભગાડી જવાના મામલે યુવકના ઘર ઉપર પાંચ ઈસમોએ તોડફોડ કરી નુકશાન કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના બીયામણી ગામે યુવક – યુવતી ભાગી ગયાં હોય અને તેના નિકાલ મામલે પાંચ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયેદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી યુવકના પરિવારજનોને ત્યાં આવી બેફામ ગાળો બોલી ઘરના નળીયાની તોડફોડ કરી તેમજ અનાજ વેરવિખેર કરી અને વૃક્ષો કાપી નાંખી રૂા. ૫૦,૦૦૦નું નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

બીયામણી ગામે આશ્રમ ફળિયામાં રહેતાં જસુભાઈ દલસીંગભાઈ વસૈયાનો છોકરો અને ગામમાં રહેતા લાલાભાઈ કડકીયાભાઈ વસૈયાની છોકરી બંન્ને ભાગી ગયાં હતાં અને તે મામલે છોકરીને સોંપી દેવા અને છોકરીનો નિકાલ કરવા બાબતે લાલાભાઈ કડકીયાભાઈ, સોમલાભાઈ લાલાભાઈ, કાળાભાઈ કડકીયાભાઈ, ધનાભાઈ કડકીયાભાઈ અને મગનભાઈ કીડીયાભાઈ તમામ જાતે વસૈયાનાઓએ પોતાની સાથે મારક હથિયારો જેવા કે, કુહાડી, ધારીયા, હાથમાં પથ્થરો વિગેરે લઈ કીકીયારીઓ કરી જસુભાઈના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ જસુભાઈના ઘરના નળીયાની તોડફોડ કરી, ઘરમાં ઘુસી જઈ ઘરનું અનાજ વેરવિખેર કરી તેમજ વૃક્ષો કાપી નાંખી રૂા. ૫૦,૦૦૦નું નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે જસુભાઈ દલસીંગબાઈ વસૈયાએ ઝાલા





તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના માતવા ગામ ખાતે તંબાકુના સેવન ના ખતરા થી જાગરૂક કરવાના હેતુ થી દર વર્ષે ૩૧મે ના દિવસે વિશ્વ તંબાકુ નિષેધ દિવસના રૂપમા મનાવવામાં આવે છે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગરબાડા તાલુકા પંચાયતના સભ્ય નરેશભાઈ બામણિયા એ ઉપસ્થિતિ આપી હતી. માતવા ગામના યુવાનોને તંબાકુનો ઉપયોગ ન કરવા અને તેના સેવન થી થતાં રોગો હૃદયરોગ, કેન્સર, ફેફસાંની બીમારી થી બચવા ઉત્તમ વ્યસન ન કરવાનો શ્રેષ્ઠ ઉપાય હોવાનું પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકીએ જણાવ્યું હતું.

# ‘ગરીબ કલ્યાણ સંમેલન’ અંતર્ગત દાહોદ જિલ્લાના લાભાર્થી નાગરિકો સાથે મહાનુભાવોએ કર્યો સંવાદ



દાહોદ,

હિમાચલ પ્રદેશના સિમલા ખાતેથી ‘ગરીબ કલ્યાણ સંમેલન’ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો વિવિધ જનહિતની યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ નિમિત્તે દાહોદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા સહિતના મહાનુભાવોએ જિલ્લાના લાભાર્થી નાગરિકો સાથે સંવાદ સાધ્યો હતો અને તેમને મળી રહેલા વિવિધ યોજનાકીય લાભો વિશે પૃચ્છા કરી હતી.

મહાનુભાવો સાથે સંવાદ વખતે ગરબાડાના ગાંગરડીના પાર્વતીબેન બારિયાએ ઉ્જજવલા યોજનાથી તેમના જીવનમાં આવેલા પરિવર્તન વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, અગાઉ રસોઇ બનાવવા તેમને ખૂબ મૂશ્કેલી પડતી હતી. જગંલમાંથી લાકડા લાવવાથી લઇને ચૂલામાં થતા ધૂમાડાથી તેઓ ત્રસ્ત થઇ ગયા હતા. પરંતુ ઉજ્જ્વલા યોજનાનો લાભ મળતા તેઓ સરળતાથી રસોઇ બનાવી લે છે અને કોઇ પરેશાનીનો સામનો કરવો પડતો નથી.

મોટી ખરજ ગામના દિલીપભાઇ ડામોરે જણાવ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તેમને લાભ મળતા તેઓ તેમનું પાકું મકાન બનાવી શકયા છે. તેમણે જણાવ્યું કે, અગાઉ કાચા મકાનના કારણે મને ખૂબ અગવડ પડતી હતી. ચોરી–લૂંટફાટથી લઇને જંગલી જનાવરોનો ડર રહેતો હતો. મોસમના બદલાવના કારણે પણ ભારે પ્રતિકુળતા થતી. જે પાકુ મકાન મળી જવાથી આ સમસ્યાઓનો અંત આવ્યો છે. જે બદલ સરકારને ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ.

દાહોદનાં દીપક ગોવિંદ આસલકરે જણાવ્યું કે, વન રેશન વન રાશન કાર્ડ યોજના તેમના માટે આર્શીવાદ સમાન છે. અગાઉ રાશનકાર્ડ ન હોવાથી તેમને સરકારી લાભો મળતા નહોતા. જે આ રાશનકાર્ડ મળવાથી તેમને પ્રાપ્ત થયા છે.

દાહોદનાં ખરોડના રીપલ શાહે જણાવ્યું કે, પ્રધાનમંત્રી મુદ્રા યોજના થકી રૂ. ૧૦ લાખની લોન મળી છે. આ લોન મળવાથી હું મારો સાબુ–લિક્વિડનો બિઝનેશ વિસ્તારી શક્યો છું. મારી આવકમાં ધરખમ વધારો થયો છે. એટલું જ નહીં મે સાત જણાને નોકરીએ રાખ્યા છે અને તેમને પગાર આપું છું. સરકારની યોજનાકીય સહાયથી મળેલી લોનથી જ આ બધું શક્ય બન્યું છે.

આ ઉપરાંત મહાનુભાવોએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પોષણ અભિયાન, પ્રધાનમંત્રી માતુવંદના યોજના, સ્વચ્છ ભારત મિશન યોજના શહેરી તેમજ ગ્રામીણ, જલ જીવન મિશન યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાઓના વિવિધ ૧૫ જેટલા લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

# ડીજે, માઈક જેવા સાઉન્ડ સીસ્ટમનો બેફામ ઉપયોગ કરનારા વિરૂદ્ધ સાધનો જપ્ત કરવાથી લઈને ધરપકડ સુધીના કડક પગલા લેવામાં આવશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં લગ્ન પ્રસંગોમાં તેમજ સભા–સરઘસ–રેલીઓ જેવા પ્રસંગોએ લાઉડ સ્પીકરનો બેફામ ઉપયોગ કરનારા લોકો સામે કડક પગલા લેવા માટે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ એક જાહેરનામા થકી આદેશ કર્યો છે. જાહેરનામા મુજબ ઘોંઘાટભર્યા ડીજે, સાઉન્ડ સિસ્ટમ, માઇક વગેરેનો બેફામ ઉપયોગ કરનારા સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ કડક કાર્યવાહી કરાશે. જેમાં તેમના વિરૂદ્ધ ગુનો નોંધી માલીક, ભાગીદાર, મેનેજર, સંચાલકની ધરપકડ તેમજ ડીજે–સાઉન્ડ સિસ્ટમ પણ જપ્ત કરવામાં આવશે. જાહેરનામા મુજબ અનિયંત્રિત દવનિ પ્રદૂષણ ફેલાવતા લોકોને નશીયત કરવા આ મુજબના પ્રતિબંધો મુકવામાં આવ્યા છે. સરકારી કચેરીઓ, હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરનાં ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે. જેથી આ શાંત વિસ્તારની આજુબાજુ માઇક, લાઉડસ્પીકર, ડીજે સીસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહી. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય–કોમી લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો આ સાધનોના માધ્યમથી કરી શકાશે નહી. ટ્રાફિકને અડચણરૂપ થાય એ રીતે જાહેરમાર્ગમાં નાચગાન કરી શકાશે નહી. આ બાબતે સુપ્રીમ કોર્ટના ચુકાદા અને ધી નોઇસ પોલ્યુશન રૂલ્સ, ૨૦૦૦ના એન્વારમેન્ટ પ્રોટેકશનની જોગવાઈઓનો ભંગ થાય એ રીતે વગાડી શકાશે નહી. રાત્રિના ૧૦ થી સવારના ૬ વાગ્યા આ સાધનો વગાડી શકાશે નહી તેમજ માઇક સિસ્ટમ માટે માલીકે મામલતદાર કચેરી ખાતે ૭ દિવસ અગાઉથી પરવાનગી લેવાની રહેશે. આ રીતના વરઘોડા, રેલી, સામાજિક, ધાર્મિક, રાજકીય શોભાયાત્રાના સમય દરમ્યાન ઉક્ત શરતોનો ભંગ થાય કે અનિચ્છનીય બનાવ બને તો પરવાનગી લેનારની જવાબદારી રહેશે. મંદિરો, ચર્ચ, મસ્જિદોમાં માઇક સિસ્ટમનો ઉપયોગ નિયમો અનુસાર મર્યાદામાં રાખવાનો રહેશે. આ નિયમોનો ભંગ કરનારના ડીજે સીસ્ટમ કે અન્ય કોઇ પણ સાધનો જપ્ત કરવામાં આવશે. આ જાહેરનામું ગત તા. ૩૦ મેથી લાગુ કરવામાં આવ્યું છે જે આગામી બે માસ સુધી અમલમાં રહેશે.


રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૫૦ કરોડ જનસંખ્યાને
જુન-૨૦૨૨ મહિનાના
રાહતદરના નિયમિત વિતરણ તથા
“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના” ના વિનામૂલ્યે વિતરણ
સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જુન મહિનાનું નિયમિત વિતરણ
તા.૦૧.૦૬.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.
NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને
મળવાપાત્ર ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને મીઠાના જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | આયોડાઈઝ મીઠું | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૭ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૮ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૯ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકો | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”
રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ તથા અમદાવાદ શહેરમાં NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૬.૦૬.૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવશે



| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

વન નેશન, વન રેશનકાર્ડ યોજના
ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ કોઈપણ વાજબી ભાવની દુકાનેથી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકશે

દરેક લાભાર્થીને “My Ration” મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.
MY RATION
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય
લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ “My Ration” મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.



રાજ્ય સરકાર દ્વારા જનહિતમાં જારી...

રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂ.૫૦,૦૦૦ની સહાય જોગ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, રાજ્યમાં કોવિડ-૧૯ થી મૃત્યુ પામેલના વારસદારોને ભારત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની માર્ગદર્શિકા અનુસાર રૂ. ૫૦,૦૦૦/ની સહાય (Ex-gratia assistance) આપવાનું ઠરાવેલ છે. જે અન્વયે આવા કોવિડ-૧૯થી મૃતકના વારસદારોને ઘરેબેઠા ઝડપી અને સરળતાથી સહાય મળી રહે તે માટે મોબાઈલ ફ્રેન્ડલી ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે.

www.iora.gujarat.gov.in પોર્ટલના હોમપેજ ઉપર Covid-19 Ex-gratia payment પર ક્લિક કરવાથી આ મુજબની www.iora.gujarat.gov.in/Cov19_login.aspx લિંક પરથી ઓનલાઈન અરજી કરી શકાશે.

આ પોર્ટલ ઉપર મોબાઇલ/કોમ્પ્યુટરથી OTP જનરેટ કરી નીચે મુજબના કોઈ પણ એક પુરાવો અપલોડ કરી અરજી કરવાની રહેશે.

- RT-PCR
- રેપીડ એન્ટીજન
- મોલેક્યુલર ટેસ્ટ
- કોવિડ-૧૯ની તબીબી સારવાર/નિદાનના આધારની નકલ
- ફોર્મ-૪ / ફોર્મ-૪-A

આ સિવાય નીચે મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.

- મૃતકના મરણ પ્રમાણપત્રની નકલ
- વારસદારોનું સોગંધનામુ
- સહાય મેળવનાર વારસદારની બેંક પાસબુક/ક્રોસ ચેકની નકલ

આ સિવાય, સબંધિત મામલતદાર કચેરી કે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રૂબરૂ(ઓફલાઇન) અરજી પહોંચાડીને પણ અરજી કરી શકાશે.

અરજદાર/મૃતકના વારસદારને જો અરજીના નિર્ણય સામે વાંધો કે ફરીયાદ હોય તો નીચે જણાવ્યા મુજબની ગ્રીવન્સ રી-ડ્રેસલ સમિતિમાં ઓનલાઈન www.iora.gujarat.gov.in પોર્ટલ ઉપર અથવા રૂબરૂ કલેક્ટર કચેરી/મહાનગરપાલિકા કચેરીમાં અરજી કરી શકાશે.

-: મહાનગરપાલિકા વિસ્તાર માટે :-
- નાયબ મ્યુનિસીપલ કમિશનર(હેલ્થ) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- હેલ્થ ઓફીસર(MOH) સંબંધિત મહાનગરપાલિકા (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ,મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

-: મહાનગરપાલિકા સિવાયના વિસ્તાર માટે :-
- નિવાસી અધિક કલેક્ટર (RAC) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

આ સિવાય પોર્ટલ સંબંધિત ઓનલાઇન અરજી કરવા બાબતે જરૂરી માર્ગદર્શન મેળવવા સારૂ હેલ્પલાઇન નં. ૧૦૭૭ અને સ્ટેટ કંટ્રોલરૂમ નં. ૦૭૯-૨૩૨૫૧૯૦૦ ઉપર સંપર્ક કરી શકાશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.237

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા ચિખોદ્રાની નોંધ નં.૨ વાળી રામજી મંદિરની મિલ્કતો માટે મહેસુલ વિભાગની ટીમ નીમી યોગ્ય તપાસ મહેસુલ મંત્રી દ્વારા કરાવાય તે જરૂરી

ગોધરા,

ગોધરા તાલુકા ચિખોદ્રાની નોંધ નં.-૨ની ખૂબ જ મોટા પ્રમાણની રામજી મંદિર ટ્રસ્ટની આવેલી મિલ્કતો છે. આ નોંધ ઓનલાઈન મુકવામાં આવેલ નથી. કોઈપણ ટ્રસ્ટની મિલ્કતો બાબતે સરકાર તરફથી અલગ કોર્ટ કાયદા મુજબ નિમેલી છે. આ રામજી મંદિરની નોંધ નં.૨માં ખુબ જ મોટા પ્રમાણમાં અસામાજીક તત્વો દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરના સર્કલ ઓફિસરો દ્વારા કાયદાની મર્યાદા વટાવી સરકારી કાયદા તથા જોગવાઈઓ નેવે મૂકી એકબીજાના મેળાપીપણામાં જીલ્લા કલેકટર પંચમહાલના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા ખુબ જ મોટા પ્રમાણમાં સોનાની લગડી જેવી જમીનો ચાર થી પાંચ ઈસમોને ચેરીટી કમિશ્નરના હુકમો વગર અને ખોટા ખોટા રેવન્યુ કાયદા વિરૂદ્ધની પ્રક્રિયા કરી કરાવી એકબીજાના મેળાપીપણા તથા અને પંચમહાલ જીલ્લા ગોધરાના કર્મચારીઓ, અધિકારીઓને બાનમાં લઈ ફેરફાર કરી કરાવી ગણોતધારા હેઠળના બના બતાવી તેમજ ખુબ જ મોટા પ્રમાણમાં સુધાર ખોટા હુકમો બતાવી જરૂરી યોગ્ય સરકારશ્રી તથા પ્રજાઓને નુકશાન કરતી નોંધ ઓનલાઈન હોવા છતાં ભુમાફિયાઓ તથા મુળભુત ખેડુતો ના હોવા છતાં આ રામજી મંદિરની જમીનો પંચમહાલ જીલ્લા ગોધરા જે તે સમયના સર્કલો ઓફિસર, નાયબ મામલતદારો, મામલતદાર ખોટા ગણોત કેસો સુધારા હુકમોના આધારે ખુબજ મોટા પ્રમાણમાં લે-વેચ કરી ગોધરા સબ રજીસ્ટ્રેટરમાં ખોટા કાયદા વિરૂદ્ધના દસ્તાવેજોના આધારે પંચમહાલ જીલ્લા ગોધરા તથા તાલુકા ગોધરા તરફ ઈ-ધરા મામલતદારોના મેળાપીપણામાં કાચી નોંધ પડાવી અને એકબીજાની મદદગારી લાગવગ તથા લાંચ રૂશ્વતો આપી અનેક પ્રકારની નોંધો પડાવી સર્કલ ઓફિસરો દ્વારા મંજુર કરી કરાવવામાં આવે છે. ત્યારબાદ તરત જ ફરીથી દસ્તાવેજો કરી તે મિલ્કતો ફેરફાર તથા સુધારા હુકમોના આધારે સરકાર હિત ધરાવતી મિલ્કતો ભુમાફિયા દ્વારા મોટા પ્રમાણમાં ફેરફાર કરી સરકારશ્રીને અને ગરીબ પ્રજા પંચમહાલ જીલ્લા ગોધરા તથા તાલુકા ગોધરા દ્વારા નુકશાન પહોંચાડવામાં આવે છે.

આમ, પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકા ગોધરાની સરકારી સેવકો દ્વારા સરકારી અન્ય પ્રકારની જે હુકમો વગર ના થાય તેવી તમામ મિલ્કતો સરકારી કર્મચારીઓ તથા અધિકારીઓએ આવી મિલ્કતો રફેદફે કરી કરાવી નાખેલ છે. પરંતુ ગુજરાત સરકાર મહેસુલ વિભાગ મંત્રી તથા કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના નેતૃત્વ હેઠળ કડક થી કડક સરકારી બાબુએ ફરજ દરમિયાન ગેરરીતિઓ કરેલની નિંદા કરેલ છે અને તે બાબતે મુખ્યમંત્રીના આદેશો અનુસાર ભ્રષ્ટાચાર કર્મચારીઓ, અધિકારીઓની તપાસ થાય તેવી ટીમો બનાવી કાયદાનું અકમાણ કરનાર અને સરકારશ્રીનું પાલન નહી કરનાર રાજય સેવકો સામે લાલ આંખો કરી યોગ્ય જરૂરી કાયદા તથા વહીવટી નિયમો અનુસાર રેવન્યુ રેકર્ડ રુલ્સ મુજબની ગરીબ પ્રજાના હકક અધિકારો તથા તમામ પ્રકારની ધર્માદા મિલ્કતો મંદિર, મસ્જીદ, દરગાહ, સ્મશાન, કબ્રસ્તાન અન્ય યોગ્ય દાનવાળી તમામ મિલ્કતો પરત થાય તેવી મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા આદેશો આપેલનું પાલન પંચમહાલ જીલ્લા ગોધરા તથા તાલુકો ગોધરાની તમામ ધર્માદાની વકફ અન્ય પ્રકારની મિલ્કતો જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા પ્રાંત અધિકારી હાલ ફરજ પરના સુશ્રી તેમજ મામલતદારો, શહેર ગ્રામ્ય વિભાગ નાયબ મામલતદાર ઈ-ધરા આ બાબતે યોગ્ય અમલવારી કરશે કે મંત્રીના આદેશો ભારપૂર્વક આપેલનું અકમાણ કરશે તે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધકરાને જોવાનું રહ્યું.

હાલ ચિખોદ્રાની જમીનોમાં કેટલા જે રામજી મંદિરની મિલ્કતોમાં ખોટી રીતે ગણોતધારા હેઠળ તમામ મિલ્કતોમાં કેટલાક અસામાજીક તત્વો જેઓ ગાંધીનગર સુધી સાંઠગાંઠ ધરાવતા ઈસમો સામે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત રાજય સરકારની સી.સી. ફોટેજ પર નજર રહેશે નહી તો તમામ સરકાર હિત ધરાવતી મિલ્કતો રફેદફે કરી નાખશે અને દાન કરેલ મિલ્કતો નોંધ નં.૨ રામજી મંદિરની જમીનોમાં કેટલા વાણિજય હેતુ માટે અનય પ્રકારની કાર્યવાહીઓ ચાલુ હોય તેઓ સામે ગુજરાત સરકાર પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકા ગોધરાના ભુમાફિયાઓ મુળભુત જન્મજાત ખેડુતો ના હોવા છતાં અંતે માન. ગુજરાત સરકાર મહેસુલ અને ન્યાય પાલિકા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના આદેશો સુચના કડક શબ્દો જે લોકો ખેડુત ના હોય તેઓ પોતાના જાત થી ખેડુત બોગસ બનેલ નિકળી જશે કે મંત્રીનના આદેશનો અનાદાર કરશે જો આવા પ્રકારના બિનખેડુતો જરૂરી તપાસમાં નિકળી આવશે તો તેઓ સામે સખત થી સખત ફોજદારી ધારાની કલમ ૪૨૦-૪૬૭ બનાવટી ખેડુતો સામે યોગ્ય આદેશો અનુસારની ગુજરાત રાજ્ય સરકાર મહેસુલ અને ન્યાય પાલિકા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી યોગ્ય નિમેલ મહેસુલ ટીમ દ્વારા બોગસ ખેડુત દુર કરવાની કાર્યવાહી પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકો ગોધરા તરફ માતરના બોગસ ખેડુતો સામે રેલો આવે અને ભારતના નાગરિકોની રજુઆતો ધ્યાને લઈ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત સરકારના શુભ દિવસો તથા શુભ પગલાં પડશે કે કેમ તેવી પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકા ગોધરાની અનેક પ્રકારની સરકારી સેવકો સામે તથા ખોટા હુકમો તથા આર.ટી.એસ. અપીલો માહિતી કાયદાની અપીલો તથા અન્ય પ્રકારની સરકારી ગેરરીતિઓ વહીવટી ગેરરીતિઓનું નિરાકરણ આવે તેવી આશાઓ લઈને પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકા ગોધરા તાલુકા ગોધરાના તમામ નાગરિકો આશા લઈને બેઠા છે. મંત્રી મહેસુલ તથા કાયદા રાજેન્દ્ર ત્રિવેદીના શુભ દિવસો તથા શુભ પગલાંની પંચમહાલ ગોધરા તાલુકો ગોધરાની પ્રજા રાહ જોઈ રહ્યા છે.

### શહેરા તાલુકાપંચાયત કચેરી ખાતે થયેલી છુટા હાથની મારામારી મામલે

# શહેરા પોલીસ મથકે સામસામે ફરિયાદ નોંધાઈ, પોલીસે ૭ વ્યકિતઓ સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી

શહેરા,

ગત સોમવારના રોજ પંચમહાલ જિલ્લાની શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે નાડા ગ્રામપંચાયતના સરપંચના પતિ વાલમસિંહ મગનભાઈ અને નાડા ગામના જયેન્દ્રસિંહ વણઝારા સહિત અન્ય વ્યકિતઓ વચ્ચે બોલાચાલી અને છુટા હાથની મારામારી થઈ હતી. જે મામલે શહેરા પોલીસ મથકે બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી. જે પૈકી નાડા ગામના જયેન્દ્રસિંહ વણઝારાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમની ઉપર જી.આર.એસ. અને તલાટીનો ફોન આવેલ કે સરપંચ નંદાબેન એવું કહે છે કે મસ્ટરમાં સરપંચની સહી ખોટી કરેલ છે. જેથી તમે રૂબરૂ આવી પુછી લો તેમ કહેતા જયેન્દ્રસિંહ તેમજ જયંતિ ભૂરાભાઈ બારીઆ, રતનસિંહ શનાભાઈ નાયક અને દિલીપભાઈએ તાલુકા પંચાયત કચેરી ખાતે જઈ સરપંચ નંદાબેન અને તેમના પતિ વાલમસિંહને કહેલ કે તમે મસ્ટરમાં સહી કરી આપી છે અને ખોટું કેમ બોલો છો તેમ કહેતા સરપંચ અને તેમના પતિ ગમેતેમ ગાળો બોલી સરપંચના પતિએ જયેન્દ્રસિંહને બે-ત્રણ લાફા મારી તેમની સાથેના જશુ મોહનભાઈ પટેલ અને નગીનભાઈએ મુક્કા માર્યા હતા. જ્યારે જયંતિભાઈ તેમજ રતનસિંહ નાયક અને દિલીપ નાયકને પણ સરપંચના પતિ વાલમસિંહ અને જશુભાઈ તેમજ નગીનભાઈએ ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની ફરિયાદ જયેન્દ્રસિંહ વણઝારાએ નોંધાવી હતી. જ્યારે નાડા ગ્રામ પંચાયતના સરપંચના પતિ વાલમસિંહ મગનભાઈએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તા.૨૯ના રોજ મનુભાઈ સુખદેવભાઈ બારીઆ પેવર બ્લોકના કામ માટેના મસ્ટર લઈને સહી કરાવવા આવતા વાલમસિંહે કહેલ કે અમે કામ જોઈને મસ્ટરમાં સહી કરીશું તેમ કહી સરપંચના પતિએ સ્થળ પર જઈ કામ જોતા અધૂરૂં અને અન્ય જગ્યાએ થયેલાનું જણાયેલ ન હોવાથી વાલમસિંહે કહેલ કે તાલુકાપંચાયત ખાતે ચર્ચા કર્યા પછી સહી કરીશું તેમ કહી મસ્ટરો તેમને પાછા આપી દીધા હતા અને તે દિવસની રાત્રિએ વાલમસિંહના ભત્રીજાએ જી.આર.એસ. ને ફોન કરતા મસ્ટર ઉપર તમારા સહી સિક્કા થયેલા છે. તેમ જી.આર.એસ.એ જણાવતા અમે સહી સિક્કા કર્યા નથી તેમ જણાવ્યું હતું. જેથી આ બાબતે તા.૩૦મી એ ગ્રામ પંચાયતના સરપંચ નંદાબેન અને તેમના પતિ વાલમસિંહ તેમજ ગામના અન્ય વ્યકિતઓ સાથે તાલુકા પંચાયત કચેરીએ તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં આપી જતા હતા. તે સમયે જયેન્દ્રસિંહ ફતેસિંહ વણઝારા તેમજ જયંતીભાઈ ભુરાભાઈ બારીઆ અને હઠેસિંહ પુનાભાઈ બારીઆ સરપંચના પતિ વાલમસિંહને ગાળો બોલી ગડદાપાટુનો મારમારવા લાગ્યા હતા. જ્યારે તેમની પત્ની સાથે ઝપાઝપી કરવા લાગેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ વાલમસિંહ પટેલે શહેરા પોલીસ મથકે નોંધાવી હતી. આમ તાલુકા પંચાયત કચેરી ખાતે થયેલી મારામારી મામલે શહેરા પોલીસે બંને પક્ષો એ સામસામે ફરિયાદ નોંધવતા પોલીસે પ્રથમ ફરિયાદના આધારે સરપંચ નંદાબેન વાલમસિંહ પટેલ, વાલમસિંહ મગનભાઈ પટેલ, જશુભાઈ મોહનભાઈ પટેલ, નગીનભાઈ જશુભાઈ પટેલ તેમજ બીજી ફરિયાદના આધારે જયેન્દ્રસિંહ ફતેસિંહ વણઝારા, જયંતીભાઈ ભુરાભાઈ બારીઆ અને હઠેસિંહ પૂનાભાઈ બારીઆ આમ કુલ ૭ વ્યકિતઓ સામે ગુનો નોંધાયો હતો.

# શહેરા પાલિકા સભાખંડ ખાતે વિશ્વ તમાકુ નિષેધ/મુકિત દિવસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

શહેરા,

૩૧ મેના દિવસને વિશ્વ તમાકુ નિષેધ/મુક્તિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને તે અંતર્ગત મંગળવારના રોજ શહેરા નગરપાલિકા સભાખંડમાં સુરક્ષા સેતુ સોસાયટી પંચમહાલ અને આનંદી સંસ્થાના સયુંક્ત ઉપક્રમે શહેરા પોલીસ મથકના પી.આઈ. રાહુલ રાજપુત દ્વારા મહિલા સશક્તિકરણ, સલામતી અને સુરક્ષા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા સશક્તિકરણના ખાસ કાર્યક્રમમાં નાયબ જિલ્લા પોલીસ વડા હિમાલા જોશી અને બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિદ્યાલય શહેરાના રતનદીદી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નાયબ જિલ્લા પોલીસવડા હિમાલા જોષીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં આજની મહિલાઓ શું ન કરી શકે દ્રઢ મનોબળ થકી દુનિયામાં કોઈ પણ વસ્તુ કરવી અશકય નથી. સમાજ સુધારા માટે મહિલાઓએ જ પહેલ કરવી પડશે અને તેઓના પ્રયત્ન થકી જ ઘરમાં, સમાજ, દેશમાં સુધારો આવશે. નશારૂપી વ્યસનો દૂર કરવા પોતાની ભૂમિકા નક્કી કરી આગળ આવવું પડશે. મક્કમ મનોબળ થકી શું ન કરી શકાય


તસ્વીર : તુષાર દરજી, શહેરા

એના માટે તેઓએ મહિલા સરપંચોનું ઉદાહરણ આપ્યું હતું. કાર્યક્રમના અંતમાં બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિદ્યાલય શહેરાના રતનદીદીએ ઉપસ્થિત રહી મહિલાઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું અને ઘરમાં રહેલા વ્યસનો દૂર થાય માટે પ્રયત્નશીલ થવા માટે આહવાન કર્યું હતું. અંતમાં તેઓ દ્વારા ઉપસ્થિત મહિલાઓને વ્યસન મુક્તિ માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. કાર્યક્રમમાં તાલુકામાંથી મોટી સંખ્યામાં મહિલાઓ અને સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરક્ષા સેતુ સોસાયટી પંચમહાલ વતીથી શહેરા પી.આઈ. રાહુલ રાજપુત અને આનંદી સંસ્થાના પ્રોગ્રામ મેનેજર સીમા શાહ અને પ્રોજેકટ કો-ઓર્ડિનેટર રોશની સાધુ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગોધરા ખાતે જીલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ સંમેલન કાર્યક્રમ યોજાયો

ગોધરા,

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ સંમેલન કાર્યક્રમ પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે બી આર જી એફ હોલ ખાતે યોજાયો હતો. જેમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી હિમાચલપ્રદેશના સિમલાથી તેમજ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ મહાત્મા મંદિર, ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. ગોધરા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લાના પ્રભારી અને ગ્રામ વિકાસ,ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી અર્જુનસિંહ ચૌહાણના અદયક્ષસ્થાને અને જિલ્લાપંચાયત પ્રમુખ કુમારી કામિનીબેન સોલંકી, જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.



આ પ્રસંગે પંચમહાલ જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણએ પોતાના ઉદ્દ્બોધાનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં આજે સરકાર છેવાડાના વ્યક્તિ સુધી સરકારી લાભો આપવામાં સફળ રહી છે. આજે દરેક યોજના માટે સામુહીક પ્રયાસો થકી સૌના સાથ સૌના વિકાસ મંત્ર સાથે સહિયારા પ્રયાસો થકી આગળ વધવાનું છે. ગ્રામ્ય વિસ્તારોમાં એક જાગૃત નાગરીક તરીકે સૌ કોઈને લાભ મળી રહે તેવા પ્રયાસો કરવાના છે. તેમણે સરકાર ની વિવિધ ઉપ્લબ્ધીઓ વિશે વાત કરતા જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર તમામ છેવાડાના વ્યક્તિ સુધી અલગ અલગ યોજનાઓનો લાભ આપી રહી છે.આ સાથે તેમણે સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહીતી આપી ઉપસ્થિત લાભાર્થીઓને પ્રધાનમંત્રીની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

વધુમાં મંત્રીએ જણાવ્યું કે ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈએ જે કલ્પનાઓ કરી હતી તે વિવિધ યોજનાઓ થકી સાકાર થઇ રહી છે. સરકારની વિવિધ યોજનાઓ થકી આજે છેવાડાના વ્યક્તિને પણ વિવિધ લાભો મળ્યા છે. પંચમહાલ જીલ્લાની મહિલાઓ પહેલા દુર સુધી પાણી ભરવા જતી હતી, આજે નલ સે જલ યોજના અંતર્ગત પોતાના ઘરે જ પાણી મળ્યું છે. સમાજના દરેક વ્યકતિઓની અને ખાસ કરીને ગરીબ અને પછાત વિસ્તારોમાં રહેતા લોકો માટે સરકારની યોજનાઓ આજે આશીર્વાદ સમાન પુરવાર થઈ છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ કુ.કામિનીબેન સોલંકીએ જણાવ્યુ હતું કે કેન્દ્ર અને રાજય સરકારે પ્રજા માટે શ્રેષ્ઠ યોજનાઓ આપી છે. કોરોના વખતે માતાપિતાની છત્રછાયા ગુમાવનાર બાળકો માટે પ્રધાનમંત્રીએ પી એમ કેર્સ યોજના લોન્ચ કરી અને તેનું અમલીકરણ કરાવ્યુ છે. પંચમહાલ જિલ્લાના ૦૨ બાળકો કે જેમણે પોતાના માતાપિતા કોરોનાને લઈને ગુમાવ્યા હતા તેમને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. પંચમહાલ જીલ્લામાં સરકારની અન્ય યોજનાઓનો લાભ પણ લાખો લોકોને મળ્યો છે.

આ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લાના લાભાર્થી સેજલબેન કમલેશભાઈ પરમારએ સરકારની વિવિધ ૯ યોજનાઓનો લાભ મેળવ્યો છે. જેઓ આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સાથે સંવાદ કરી પોતાને મળેલ લાભોની પ્રતીતી કરાવી હતી.

આ પ્રસંગે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની પંચમહાલ જિલ્લાની સાફલ્યગાથાને વર્ણવતી ફિલ્મનુ નિદર્શન કરવામાં આવ્યું હતું. પંચમહાલ જિલ્લાના ૭ તાલુકાઓમાં કુલ ૧૮ લાખની વસ્તી છે. આ તમામ તાલુકાઓમાં ૮૨૬૬ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવેલી છે જેમાં ૮૨૫૩૭ મહિલાઓને જોડવામાં આવી છે, આ તમામ જૂથોને બેન્કો સાથે જોડીને ધિરાણ આપી તેમને પગભર કરવામાં આવ્યા છે. ૮૦૦૦ મહિલાઓ હેન્ડલૂમ, ગૃહઉદ્યોગ સાથે જોડાયેલી છે. સાથે સાથે પ્રધાનમંત્રી આવાસ ગ્રામીણ યોજના, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સામૂહિક તેમજ વ્યક્તિગત લાભો પણ આપવામાં આવ્યા છે. જીલ્લામાં વ્યક્તિગત ૮ લાખ શૌચાલય તેમજ ૨૬૪ સામૂહિક શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જીલ્લામાં મનરેગા યોજના હેઠળ પણ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામોની સાથે સાથે સ્થાનિકોને ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવી રહી છે. જીલ્લામાં ૭૯ નવી આંગણવાડી કેન્દ્રો પણ બનાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જ્યારે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને આભાર દર્શન જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તબીયારે કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તબીયાર, જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ સહિત જિલ્લા પંચાયત તેમજ જિલ્લાની અલગ અલગ તાલુકા પંચાયતોના પ્રમુખઓ તેમજ પદાધિકારી,અધીકારી ઓ તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હાલોલના શિવરાજપુર ગામેથી ઈનોવા ગાડીમાં લઈ જવાતો ૧.૫૧ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

હાલોલ,

જાંબુઘોડા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, ઈનોવા ગાડીમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરીને જાંબુઘોડા થઈને હાલોલ જનાર છે તેવી બાતમીના આધારે ભીલ ડુંગરા ગામે નાકાબંધી તોડી નાશેલ ઈનોવાના શિવરાજપુર પાસે રોડ સાઈડ ખાડામાં ઉતારી ચાલક નાશી છુટેલ પોલીસે ચેકીંગ કરી ૧,૫૧,૩૮૦/-રૂપીયા ઈંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જાંબુઘોડા પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, ઈનોવા ગાડી નં. જીજે.૦૯.એએચ.૮૦૧૦માં ભારતીય બનાવટનો દારૂ ભરીને બોડેલી થી જાંબુઘોડા થઈને હાલોલ તરફ જનાર છે. તેવી બાતમીના આધારે જાંબુઘોડા પોલીસે ભીલ ડુંગરા ગામ નાકાબંધી કરી હતી. ઈનોવા ગાડીના ચાલક નાકાબંધી તોડીને નાશી છુટીયો હતો. જયારે શિવરાજપુર પાસે પાવાગઢ પોલીસની નાકાબંધી જોઈને ઈનોવા ચાલકે રોડ સાઈડમાં ખાડામાં ગાડી ઉતારીને ગાડી ચાલુ છોડીને જંગલમાં નાશી છુટીયો હતો. પોલીસે વાહન ચેકીંગ કરતા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ ૩૪૮ કિંમત ૧,૫૧,૩૮૦/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.


તસ્વીર : નુર બાલા, વેજલપુર

**ગરીબ કલ્યાણ સંમેલન કાર્યક્રમ અંતર્ગત વેજલપુર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આજુ બાજુના ખેડૂતો માટે પ્રોગ્રામમાં ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર દ્વારા એલ્ડર લાઈન-૧૪૫૬૭ (સિનિયર સીટીઝન હેલ્પલાઈન) વિશેની માહિતી ખેડૂત મિત્રોને આપવામાં આવેલ છે.**

### ગોધરાના છાવડ, પીપલીયા પૂર્વ અને બોડીદ્રા બુર્ઝગને

# પાનમ ચેકડેમ આધારિત લિફટ ઈરીગેશન યોજના મંજુર કરવા જીલ્લા પંચાયત દંડક દ્વારા જળ સંપતિ મંત્રીને લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકાના છાવડ, પીપલીયા પૂર્વ, બોડીદ્રા બુર્ઝગ ગામને પાનમ ચેકડેમો આધારિત લિફટ ઈરીગેશન યોજના અંતર્ગત સિંચાઈની સુવિધા મળી રહે તેવી માંગ સાથે જીલ્લા પંચાયત દંડક દ્વારા જળસંપતિ મંત્રીને લેખિત રજુઆત કરાઈ.

ગોધરા તાલુકાના છાવડ, પીપલીયા પૂર્વ, બોડીદ્રા બુર્ઝગ જે પાનમ નદી કિનારે આવેલ ગામો છે. આ તમામ ગામો વરસાદ આધારિત ખેતી ઉપર નભતા હોય છે. પાનમ નદીમાં ચાર જેટલા મોટા ચેકડેમ બનાવવામાં આવેલ છે. આ ચેકડેમો આધારિત આ ગામોના લગભગ એક ગામ દીઠ ૫૦૦ એકર જેટલી જમીનના ૧ હજાર જેટલા ખેડુતોને એલ.આઈ.સ્કીમ અંતર્ગત સિંચાઈનો લાભ મળી શકે તેમ છે. છાવડ, પીપલીયા, બોડીદ્રા બુર્ઝગ વિસ્તારમાં સિંચાઈ યોજનાનો કમાન્ડ વિસ્તાર આવેલ નથી. જેને લઈ જો પાનમ ચેકડેમ માંથી લિફટ ઈરીગેશન યોજના અંતર્ગત આવરી લેવામાં આવે તો ખેડુતોને સિંચાઈનો લાભ મળી શકે તેમ છે. આ વિસ્તારના ખેડુતોને સિંચાઈ મળે તે માટે સંમતિ દર્શાવેલ છે. જેને લઈ પંચમહાલ જીલ્લા પંચાયતના દંડક અરવિંદસિંહ પરમાર દ્વારા રાજ્ય જળ સંપતિ મંત્રી ઋષિકેશભાઈ પટેલને ગોધરા તાલુકાના છાવડ, પીપલીયા પૂર્વ અને બોડીદ્રા બુર્ઝગ ગામોનો સર્વે કરાવીને લિફટ ઈરીગેશન યોજના મંજુર કરવામાં લેખિત રજુઆત કરવામાં આવી છે.

# રાજગઢમાં કબીર પેટ્રોલ પંપ પર ઘોઘંબાના યુવકને ઢોર માર મારતા અસામાજિક તત્વોના લીધે ઘોઘંબા સ્વયંભૂ રીતે બંધ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

રાજગઢ,

ઘોઘંબા ગામનો યુવાન રાજગઢ પેટ્રોલ પંપ પર નાણાંની લેવડદેવડ બાબતે વાતચીત કરવા ગયેલ તેમાં મામલો બીચક્યો હતો. તેમાં રાજગઢ ગામના ૨૫ જેટલાં યુવાનો ભેગા થઈ આ યુવાનને ઢોર માર માર્યો હતો તથા તેની માતા છોડાવવા માટે ગઈ હતી. તો તેને પણ અસભ્ય વર્તન કર્યું હતું. રાજગઢ પોલીસ સ્ટેશનમાં તેઓની ફરિયાદ નોંધાઈ હતી. આવા અસામાજીક અને લુખ્ખા તત્વો સામે તંત્ર દ્વારા કડક અને સખત પગલાં લેવામાં આવે તથા તેઓને કાયદાકીય સજા ફટકારવામાં આવે તેવી લોક માંગ કરવામાં આવી હતી. આજે ઘોઘંબા બજારમાં તમામ વેપારીઓ અને વ્યક્તિઓએ સ્વયંભૂ રીતે બંધ પાળીને એક્તાના દર્શન કરાવ્યા હતા.

# હાલોલ-વડોદરા રોડ ઉપર કન્ટેનર અને ટેમ્પો વચ્ચે અકસ્માત થતાં કન્ટેનર ચાલકને ઈજાઓ



હાલોલ,

હાલોલ શહેરની બહાર હાલોલ વડોદરા હાઈવે રોડ પર મંગળવારના રોજ બપોરના સુમારે એક કન્ટેનર અને આઈશર ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વડોદરા તરફથી હાલોલ તરફ જઈ રહેલ આઈશર ટેમ્પો સાથે એક કન્ટેનર ટ્રક પાછળના ભાગે ધડાકાભેર અથડાતા અકસ્માત થવા પામ્યો હતો. જેમાં અસ્માતના પગલે થોડા સમય માટે મુખ્ય હાઈવે રોડ પર ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાઈ હતી. જોકે, બનાવના સ્થળે હાલોલ રૂરલ પોલીસ દોડી આવી ટ્રાફિક જામ હળવો કર્યો હતો. જ્યારે આઈશર ટેમ્પો સાથે કન્ટેનર પાછળથી આવી ધડાકાભેર અથડાતા કન્ટેનરના આગળના શોના ભાગે તેમજ કેબીનને ભારે નુકશાન પહોચ્યું હતું. જેમાં કન્ટેનરના ચાલકને શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલીક સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જેમાં રેફરલ હોસ્પિટલ ખાતે કન્ટેનર ચાલકની પ્રાથમિક સારવાર કરવામાં આવી હતી.